ઈ-મેઇલ ૨૨૫૮

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી
(કાયદો અને વ્યવસ્થા વિભાગ), ગુજરાત રાજ્ય,
પ્રથમ માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન: 079-23254222 ફેક્સ: 079-23246329
ઈ-મેઈલ: dgp-g1-ct2@gujarat.gov.in

ક્રમાંક: જી-૧/ક્રાઇમ/ટે-૨/હકપ/હા.કોર્ટ-૪૭/૧૨૮/૨૦૨૬ તા. ૨૪/૦૫/૨૦૨૬

વિષય: આરોપીની ધરપકડ કર્યા બાદ તપાસના કામે અલગ અલગ જગ્યાએ લઈ જવા અંગે સાવચેતી રાખવા બાબત.

સંદર્ભ: નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા નાઓ દ્વારા ડી.કે બાસુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પશ્ચિમ બંગાળ રાજયના કામે તા.૧૮/૧૨/૧૯૯૬ના રોજ આપેલ જજમેન્ટ.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રીટ પીટિશન નં. ૧૫૩/૨૦૧૮ ભૌતિક વિજયભાઇ ભટ્ટ વિરૂધ્ધ ગુજરાત રાજયના કામે આરોપીઓને હાથકડી પહેરાવીને તથા દોરડાથી બાંધી જાહેરમાં લઇ જઇ સરઘસ કાઢવા બાબતે તથા જાહેરમાં જનતાની સામે દેખાવો કરવા અંગેના બનાવો સંદર્ભમાં કાર્ય પધ્ધતિ યોગ્ય ન હોઇ આ અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવા માટે ડી.જી.પી. કચેરીને હુકમ કરવામાં આવેલ.

૧. નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રીટ પીટિશન નં. ૧૫૩/૨૦૧૮ ભૌતિક વિજયભાઇ ભટ્ટ વિરૂધ્ધ ગુજરાત રાજયના કામે તા.૦૭/૦૫/૨૦૧૯ના રોજ અપાયેલા ચુકાદામાં નીચે મુજબ જણાવવામાં આવેલ છે:

(i) આરોપીને અટક કરતી વખતે તેને જાહેરમાં પરેડ કરાવવી નહી.

(ii) આરોપીને પોલીસ સ્ટેશન ખાતે લઇ જતા તેમજ મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતી વખતે હિંસાત્મક ટોળાઓથી બચાવવો જોઇએ.

(iii) આરોપી સાથે કોઇ ગેરવર્તણૂંક કરવી નહી.

(iv) આરોપીનું આત્મસન્માન જળવાઇ તે રીતે તેની સાથે વ્યવહાર કરવો જોઇએ.

૨. આરોપીઓને હાથકડી પહેરાવીને તથા દોરડાથી બાંધી જાહેરમાં લઇ જઇ સરઘસ કાઢવાના કારણે અને જાહેરમાં જનતાની સામે દેખાવો કરવા અંગેના બનાવોને લીધે ગુજરાત પોલીસની છબી ખરડાઇ છે તેમજ આવા અમાનવીય વર્તનથી પોલીસની સારી કામગીરી ઢંકાઇ જાય છે તથા જાહેર જનતામાં ગુજરાત પોલીસની છાપ ખરાબ ઉભી થાય છે. તેથી, ભવિષ્યમાં આવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેમજ આરોપીઓ સાથે અમાનવીય વર્તન ન કરવામાં આવે તે અંગે સાવચેતીના પગલારૂપે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

(A) આરોપીની ધરપકડ કરતી વખતે

નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા નાઓ દ્વારા આપવામાં આવેલ ડી.કે બાસુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પશ્ચિમ બંગાળ રાજયના ચુકાદાને સી.આર.પી.સી.ની કલમ. ૪૧ (ક) થી ૪૧ (ઘ) અંતર્ગત ક્રિમીનલ લો એમેન્ડમેન્ટ તા.૦૯/૦૧/૨૦૦૯થી કાયદાનું સ્વરૂપ આપવામાં આવેલ છે. આ સંદર્ભે હાલમાં અમલમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ક્રમાંક ૩૫ થી ક્રમાંક ૩૮ કોઈ પણ વ્યકિતની ધરપકડ કરતી વખતે કરવાની થતી કાર્યવાહી સૂચવે છે.

- **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૫(૩) થી (૬):**
- **પોલીસ અધિકારી સમક્ષ હાજર થવા માટેની નોટીસ:**

(i) કલમ ૩૫(૩) પોલીસ અધિકારી બધા કિસ્સાઓમાં જયાં વ્યકિતની ધરપકડ પેટા કલમ–(૧)ની જોગવાઈઓ હેઠળ જરૂરી ન હોય ત્યાં નોટિસ કાઢી જે વ્યકિત વિરુદ્ધ વ્યાજબી ફરિયાદ કરવામાં આવી હોય અથવા શાખયુકત માહિતી પ્રાપ્ત થઈ હોય અથવા વ્યાજબી શંકા અસ્તિત્વમાં હોય કે તેમણે કોઈ નોંધવાપાત્ર ગુનો કર્યો છે ત્યારે નોટીસ આપી તેવી વ્યકિતને તેમની સમક્ષ અથવા નોટીસમાં જણાવ્યા મુજબ નિર્દિષ્ટ કોઈ એવી જગ્યાએ હાજર થવા માટે આદેશ આપશે.

(ii) કલમ ૩૫(૪) જ્યારે આવી નોટિસ કોઈ વ્યકિતને આપવામાં આવી હોય ત્યારે તે વ્યકિતની ફરજ નોટીસમાં જણાવ્યા પ્રમાણે પાલન કરવાની રહેશે.

(iii) કલમ ૩૫(૫) જ્યારે આવી વ્યકિત નોટિસનું પાલન કરે અને પાલન કરવાનું નોટીસમાં જણાવ્યા મુજબ ચાલુ રાખે ત્યારે નોટિસમાં ઉલ્લેખ કરેલ ગુના માટે તેની ધરપકડ કરવી જોઈશે નહીં, સિવાય કે પોલીસ અધિકારીનો તેના કારણોની નોંધ કરીને એવો અભિપ્રાય હોય કે તેની ધરપકડ કરવી જોઈશે.

(iv) કલમ ૩૫(૬) જ્યારે આવી વ્યકિત નોટીસમાં જણાવેલ શરતો કે ખોતાની જાતે રજૂ થવા કે ઓળખાવવા ઈચ્છતો ન હોય - ત્યારે પોલીસ અધિકારી સમક્ષ કોર્ટના હુકમને આધીન નોટીસમાં જણાવેલ ગુના અંગે તેની કોઈ પણ સમયે ધરપકડ કરી શકશે.

- **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૬:**
- **ધરપકડ કરનાર અધિકારીની ફરજો અને ધરપકડની પ્રકિયા:**

- દરેક પોલિસ અધિકારી જેઓ ધરપકડ કરતી વખતે–

(ક) દેખાય તેવી રીતે અને સ્પષ્ટ, ચોક્કસ રીતે પોતાનું નામ અને ઓળખ જણાવશે કે જે સહેલાઈથી ઓળખ માટે સગવડ પાત્ર હોય.

(ખ) ધરપકડનું મેમોરેન્ડમ તૈયાર કરશે કે જે –

(૧) કે જેને એક સાહેદ દ્વારા સાક્ષીકરણ કરવામાં આવશે કે જે ધરપકડ થનાર વ્યકિતના કુટુંબના સભ્ય હોય અથવા જ્યાં ધરપકડ કરવામાં આવી હોય તે વિસ્તારના માનનીય સભ્ય હોય.

(૨) ધરપકડ કરનાર વ્યકિત દ્વારા તેમાં સાક્ષી સહી કરવી જોઈએ; અને

(ગ)ધરપકડની યાદીમાં તેમના કુટુંબના સભ્ય દ્વારા સાક્ષીકરણ કરવામાં આવ્યું હોય ત્યારે આવી ધરપકડ થનાર વ્યકિતને માહિતી આપશે કે તેમને તેમની ધરપકડ બાબતે નામ આપવામાં આવેલ મિત્ર કે સગાને અથવા અન્ય વ્યકિતને માહિતી આપવાનો અધિકાર છે.

➢ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૭:**

➢ **નિયુકત પોલીસ અધિકારી:**

(૧) રાજ્ય સરકાર

(ક) દરેક જીલ્લા અને રાજ્ય સ્તરે પોલીસ નિયંત્રણ રૂમની સ્થાપના કરશે.

(ખ) દરેક જીલ્લા અને દરેક પોલીસ સ્ટેશનમાં એક પોલીસ અધિકારીની નિયુકિત કરશે, જે મદદનીશ સબ ઇન્સેક્ટરના દરજ્જાથી નીચેનો ન હોય, તેઓ ધરપકડ કરેલ વ્યકિતનાં નામો અને સરનામા વિશેની માહિતી જાળવવા માટે જવાબદાર રહેશે. આરોપ મૂકવામાં આવ્યો હોય તેવા ગુનાનું સ્વરૂપ દરેક પોલીસ સ્ટેશન અને જીલ્લા વડામથકે ડિઝીટલ સ્વરૂપ સહિત કોઈપણ રીતે સ્પષ્ટપણે પ્રદર્શિત કરવું જોઇશે.

➢ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૮:**

➢ **પૂછપરછ દરમ્યાન પોતાની પસંદગીના એડવોકેટને મળવા માટે ધરપકડ થયેલ વ્યકિતનો અધિકાર:**

જયારે કોઇ વ્યકિતની ધરપકડ કરવામાં આવે અને પોલીસ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવે ત્યારે ધરપકડ થયેલ વ્યકિત પુછપરછ દરમ્યાન પોતાની પસંદગીના એડવોકેટને મળવા હકદાર થશે પરંતુ સમગ્ર પૂછપરછ (Throughout interrogation) દરમ્યાન પોતાની પસંદગીના એડવોકેટને મળવા હકદાર થશે નહી.

(B) આરોપીને હાથકડી પહેરાવવા બાબત

➢ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૩:**

➢ **ધરપકડની રીત:**

(ક) કલમ–૪૩ (૩) મુજબ પોલીસ અધિકારી, ગુનાના સ્વરૂપ અને ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કોઇ એવી વ્યકિતની ધરપકડ કરતી વખતે અથવા એવી વ્યકિતને કોર્ટમાં રજૂ કરતી વખતે હાથકડીનો ઉપયોગ કરી શકશે, જે રીઢો અથવા વારંવાર ગુનો કરી ચુકેલો હોય અથવા જે કસ્ટડીમાંથી ભાગી ગયો હોય અથવા જે સંગઠિત ગુનાખોરી આચરી ચુક્યો હોય અથવા આતંકવાદી કૃત્ય, ડ્રગ્સ સબંધિત ગુનો અથવા હથિયારો અથવા દારૂગોળાના ગેરકાયદેસર કબ્જા સબંધીત ગુનો, હત્યા, બળાત્કાર, એસિડ એટેક, સિક્કા અને ચલણી નોટોની નકલ, માનવ તસ્કરી, બાળકો વિરૂધ્ધના જાતીય અપરાધ અથવા રાજય વિરૂધ્ધનો ગુનો કરવાનું કૃત્ય કરેલ હોય.

(ખ) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૩(૩)માં દર્શાવેલ વ્યકિતઓ સિવાય અન્ય ગુનાઓના કામે હાથકડી પહેરાવવાની જરૂર જણાય તો સંબંધિત મેજીસ્ટ્રેટ પાસેથી મંજુરી મેળવવાની રહેશે.

(C) આરોપીને પોલીસ કબ્જામાં રાખવા બાબત

ઉપરોકત સૂચનો આરોપીને હાથકડી પહેરાવવા અંગેના છે પરંતુ પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીને સાથે રાખી ગુનાની તપાસ અંગે કામગીરી કરતી વખતે કયા કયા પ્રકારની સાવચેતી રાખવી? તે બાબતે કોઇ સ્પષ્ટતા જણાઈ આવેલ નથી.

આથી જણાવવામાં આવે છે કે કોઈપણ આરોપી જયારે પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે તપાસના કામે પંચનામા કરતી વખતે, બનાવનું રીકન્સ્ટ્રક્શન કરતી વખતે, સહ આરોપીઓની તપાસ

કરતી વખતે કે હોસ્પીટલમાં મેડીકલ ચકાસણી માટે લઇ જતી વખતે કે તપાસના અન્ય કોઇપણ કામે આરોપીને સાથે લઈ જતી વખતે પોલીસે ધરપકડ થયેલ વ્યક્તિના આત્મ ગૌરવનું હનન ન થાય તે સુનિશ્ચિત કરવું અને આરોપી ભાગી જાય એવી શકયતા રહેલ હોય એવા સંજોગોમાં મુદ્દા ક્રમ ૨(B)ના પેરા ક્રમાંક (i) થી (iv) મુજબની કાર્યવાહી અનુસરવી.

પોલીસ દ્વારા આરોપી સાથે નીચે મુજબનું વર્તન અપેક્ષીત ન હોઈ આ પ્રકારનું વર્તન કોઇપણ સંજોગોમાં કરવું નહી:

- આરોપીઓને જાહેરમાં ઉઠક–બેઠક કરાવવી
- આરોપીને ઘુંટણીએ ચલાવવો
- આરોપીને જાહેરમાં લાત મારવી કે લાકડીથી મારવો
- આરોપીને જાહેરમાં હાથ જોડાવી, કાન પકડાવી માફી મંગાવવી
- આરોપીને જાહેરમાં મુર્ગો બનાવવો

વગેરે.

ગુનાની તપાસ અંગેની કામગીરી વખતે આરોપીઓને સાથે લઈ જતી વખતે હાથકડી પહેરાવવી કે દોરડાથી બાંધવા અંગે ઉપરોકત મુદ્દા ક્રમ Bમાં જણાવેલ રીત મુજબની કાર્યવાહી કરવી.

૩. આમ, ઉપરોકત બાબતો માનવ અધિકારના હક્ક મુજબ આરોપીની પ્રતિષ્ઠા વિરુદ્ધ હોઇ તે ના થવુ જોઈએ અને કોઇપણ અધિકારી/કર્મચારી આરોપીના માનવ અધિકારના હક્કો વિરૂદ્ધનું કૃત્ય કરતા જણાશે તો તે અધિકારી/કર્મચારી વિરૂદ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રહેશે અને જે માટે જે તે વિસ્તારના ડી.વાય.એસ.પી./એ.સી.પી./એસ.પી./ડી.સી.પી./એડી.સી.પી/જે.સી.પી./સી.પી. કક્ષાના અધિકારીઓની જવાબદારી રહેશે.

૪. જેથી, ઉપરોકત પત્રમાં આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તેમજ આ અંગે આપના તાબાના તમામ અધિકારીઓ/કર્મચારીઓને યોગ્ય સમજ કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. કે. એલ. એન. રાવ)
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ

તમામ પોલીસ કમિશનરશ્રી
પોલીસ મહાનિદેશકશ્રી, CID (Crime & Railways), ગુજરાત રાજય.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ATS & Coastal Security, ગુજરાત રાજય.
પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુજરાત રાજય.
તમામ Heads of Range (પ.રે. સહિત)
તમામ પોલીસ અધીક્ષકશ્રી (પ.રે. અમદાવાદ અને વડોદરા સહિત)